# મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર

## ઓનલાઈન પસંદગી અંગે સામાન્ય સૂચનાઓ:-

(૧) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા ભારતીય નાગરિકત્વ ધરાવતી હોવી જોઇએ.

(૨) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા ઉમેદવાર સંબંધિત મામલતદારશ્રી દ્વારા આપવાના થતા નિયત નમુનાનું રહેવાસી પ્રમાણપત્રની તારીખે, ઓછામાં ઓછી એક વર્ષથી સ્થાનિક રહેવાસી હોવા જોઇએ. ગ્રામીણ વિસ્તારના સંદર્ભમાં આંગણવાડી જે મહેસુલી ગામમાં સ્થાપન થયેલી હશે તે મહેસુલી ગામની અથવા શહેરી વિસ્તારના ઉમેદવારના સંદર્ભમાં સંબંધિત નગરપાલિકા/મહાનગરપાલિકાના ચૂંટણી વોર્ડની ઓછામાં ઓછી એક વર્ષની સ્થાનિક નિવાસી હોવી જોઈએ. આ માપદંડ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે નક્કી કરેલ નમુનાનું, જન સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવતું આ કામ માટેનું સંબંધીત મામલતદારશ્રીની કચેરીનું જ પ્રમાણપત્ર **જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખે છ મહિનાથી** પહેલાનું ન હોવુ જોઈએ તે ધ્યાને લેવામાં આવશે.

(૩) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૪) આંગણવાડી કાર્યકર માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અથવા ધોરણ ૧૦ પાસ અને એઆઇસીટીઈ (AICTE) માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછો ૨ વર્ષનો ડીપ્લોમા કોર્સ પાસ કરેલ હોવો જોઇએ.

(૫) આંગણવાડી તેડાગર માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ કરેલ હોવા જોઇએ.

(૬) અરજદાર અનામત વર્ગમાં આવતા હોય તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) અરજદાર વિધવા હોય તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રી નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) અરજદારે ઓનલાઇન અરજીમાં જણાવેલ તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અપલોડ કરવાના તેમજ રજુ કરવાના રહેશે.

(૯) અરજી કરવાની છેલ્લી તારીખ કટ-ઓફ ડેટની તારીખ ગણવામાં આવશે. જેથી, અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારે ઉંમર માટેના, શૈક્ષણિક લાયકાત માટેના અને અન્ય લાયકાત માટેના માપદંડ પૂર્ણ કરતા હોવા જોઈએ.

(૧૦) અરજદારે રજુ કરવામાં આવેલ માહિતી અને પ્રમાણપત્રો સાચા છે તે સ્વઘોષણાથી નિયત થયેલ નમુનામાં ઓળખ પુરાવા સાથે અરજદારે રજુ કરવાનું રહેશે.

(૧૧) અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવતો હોય, અને અરજદાર સામે પોલિસ ફરિયાદ થયેલ હોય, નામદાર કોર્ટ દ્વારા સજા જાહેર કરેલ હોય તેવી વ્યકિત અરજી કરી શકાશે નહી.

(૧૨) અરજદારને સક્ષમ સતાધિકારીશ્રી દ્વારા નાદાર જાહેર કરવામાં આવેલ હોય તેવી વ્યકિત અરજી કરી શકશે નહી.

(૧૩) દંડનીય કાર્યવાહીના ભાગરૂપે અરજદારને અગાઉની કોઈપણ સરકારી/અર્ધ સરકારી/માનદ સેવામાંથી ફરજમોકુફ કે બરતરફ કરવામાં આવેલ હોય તેવી વ્યકિત અરજી કરી શકાશે નહી.

(૧૪) એક જ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગર એક જ કુટુંબના સભ્ય માટે પરિશિષ્ટ ૨ (નિયમ ૩.૧૧,મુદ્દા નં.૫) મુજબ **સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, બે બહેનો, નણંદ-ભાભીના સંબંધ થશે** તેવી પરિસ્થિતિ બનતી હોય તેવી વ્યકિત અરજી કરી શકશે નહી.

(૧૫) અરજદાર કોઇપણ સ્થાનિક સ્વરાજ સંસ્થા/વિધાનસભા/લોકસભા અથવા કોઈપણ સહકારી સંસ્થા/રજિસ્ટર્ડ સોસાયટી/ રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચુંટાયેલ પદ ધરાવતા હોય અને તેવુ પદ છોડવા માંગતા ન હોય તેવી વ્યકિત અરજી કરી શકશે નહી

**(૧૬) આંગણવાડીના હાલના તેડાગરને આંગણવાડી કાર્યકર પસંદગી પ્રક્રિયામાં તા.૨૫/૧૧/૨૦૧૯ના સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક નં.આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)ના નિયમોમાં દર્શાવેલ ૬.૧ થી ૬.૬ મુજબ અગ્રતા આપવામાં આવશે.**

(૧૭) જે કિસ્સામાં માર્કસશીટમાં ગ્રેડ/સ્કોર (CPI/CGA) દર્શાવેલ હોય તે કિસ્સામાં યુનિવર્સિટી/ કોલેજ દ્વારા જારી કરવામાં આવેલ ગ્રેડ/સ્કોરમાંથી ગુણ/ટકાવારીની ગણતરી અથવા યુનિવર્સિટી/ કોલેજ પાસેથી જ એ ગણતરી થયેલ માર્કસ/ટકાવારીનું પ્રમાણપત્ર/માર્કસશીટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.

(૧૮) અરજીફોર્મમાં ભરેલ માહિતી અને અપલોડ કરેલા દસ્તાવેજોની વિગતો અલગ હશે તો અરજદારની ઉમેદવારી રદ્દ ગણાશે. અપલોડ કરેલ દસ્તાવેજો બરાબર વાંચી શકાય તે પ્રકારના હોવા જોઈએ.

(૧૯) જે કિસ્સાઓમાં ઉમેદવારે એક કરતા વધારે પ્રયત્ન કરી પરીક્ષા પાસ કરેલ હશે તો તેવા કિસ્સાઓમાં ઉમેદવારએ દરેક પ્રયત્નની ઓરીજીનલ માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે. એકથી વધુ પ્રયત્ને પાસ થનાર ઉમેદવારે જે તે માર્કશીટનાં પાસ થયેલા વિષય/વિષયોના ગુણ જ ગણવાના રહેશે. નાપાસ થયેલ વિષય/વિષયોનાં ગુણ બાદ કરીને કુલ ગુણ ગણવાના રહેશે. ત્યારબાદ ફરીથી પાસ થયેલ વિષય/વિષયોના ગુણ જ ગણવા. આમ, કુલ ૭ વિષયના કુલગુણ ૭૦૦ હોય તો જુદી-જુદી માર્કશીટ પૈકી ૭૦૦ માંથી પાસ થયેલ વિષયોના ગુણ જ ગણવા.

દાત- કુલ ગુણ ૭૦૦ માંથી ૩૨૫ મેળવેલ ગુણ હોય જેમાં એક વિષયમાં ૨૫ ગુણ સાથે નાપાસ હોય તો મેળવેલ ગુણ ૩૦૦ ગણવાના રહેશે. ત્યારબાદ તે વિષયમાં ૫૦ ગુણ હોય તો કુલ ગુણ ૭૦૦ માંથી મેળવેલ ગુણ ૩૫૦ થશે.

(૨૦) શૈક્ષણિક લાયકાતની સામે ગુણ અથવા ટકાવારીમાં જ માહિતી ભરવાની રહેશે. જે માન્ય યુનિ./કોલેજના માર્કશીટ મુજબ જ હોવી જોઈએ. કોઈએક શૈક્ષણિક લાયકાત કોર્ષમાં મેળવેલ ગુણ દર્શાવવાની પધ્ધતિ ગુણ અથવા ટકાવારી એમ બે પૈકી કોઈ એક પ્રકારની પધ્ધતિથી દર્શાવવાની રહેશે.

ઉપરોકત સૂચનઓનું અરજદારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ફરજીયાત પાલન કરવાનું રહેશે. આમાથી કોઈપણ લાયકાત/શરતો પૂર્ણ ના થવાથી અરજદારની ઉમેદવારી રદ થવાને પાત્ર ગણાશે. અરજી સંબંધિત કોઇ પણ પ્રશ્ન માટે નીચે મુજબના જિલ્લા/કોર્પોરેશન મુજબ ફોન પર માહિતી મેળવી શકાશે.

| ક્રમાંક | જિલ્લાનું નામ | હેલ્પલાઇન |
|---|---|---|
| ૧ | કચ્છ | ૯૨૨૭૮૫૯૦૫૭ |
| ૨ | બનાસકાંઠા | ૯૧૦૪૪૬૩૧૩૭ / ૦૨૭૪૨-૨૫૩૫૪૯ |
| ૩ | પાટણ | ૦૨૭૬૬-૨૨૫૮૧૬ |
| ૪ | મહેસાણા | ૦૨૭૬૨-૨૨૨૩૩૧ / ૯૨૨૭૮૫૮૯૩૭ |
| ૫ | સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૦૯૧૯ / ૯૨૨૭૮૫૮૩૬૮ |
| ૬ | ગાંધીનગર | ૯૨૨૭૮૨૩૧૫૩ |
| ૭ | અમદાવાદ ગ્રામ્ય | ૦૭૯-૨૫૫૧૦૫૨૨ |
| ૮ | સુરેન્દ્રનગર | ૦૨૭૫૨-૨૮૩૭૧૭ |
| ૯ | રાજકોટ ગ્રામ્ય | ૯૨૨૭૭૧૦૮૦૩ |
| ૧૦ | જામનગર ગ્રામ્ય | ૦૨૮૮-૨૬૬૧૨૭૨ |
| ૧૧ | પોરબંદર | ૦૨૮૬-૨૨૪૭૮૦૦ |
| ૧૨ | જુનાગઢ | ૦૨૮૫-૨૬૩૧૪૩૪ |
| ૧૩ | અમરેલી | ૦૨૭૯૨-૨૩૧૩૨૬ |
| ૧૪ | ભાવનગર ગ્રામ્ય | ૯૨૨૭૮૫૮૫૧૯ / ૯૨૨૭૮૧૫૨૫૯ |
| ૧૫ | આણંદ | ૦૨૬૯૨-૨૬૨૧૩૭ |
| ૧૬ | ખેડા | ૦૨૬૮-૨૫૩૨૩૫૪ |
| ૧૭ | પંચમહાલ | ૦૨૬૭૨-૨૫૩૩૭૨ |
| ૧૮ | દાહોદ | ૦૨૬૭૩-૨૩૯૧૭૯ |
| ૧૯ | વડોદરા ગ્રામ્ય | ૦૨૬૫-૨૪૨૯૩૩૩ |
| ૨૦ | નર્મદા | ૦૨૬૪૦-૩૫૭૧૩૨ |
| ૨૧ | ભરૂચ | ૦૨૬૪૨-૨૬૦૯૬૬ / ૯૨૨૭૮૫૮૭૫૮ |

| | | |
|---|---|---|
| ૨૨ | સુરત ગ્રામ્ય | ૦૨૬૧-૩૧૧૧૩૪૬ / ૯૨૨૭૮૫૮૪૦૫ |
| ૨૩ | ડાંગ | ૦૨૬૩૧-૨૨૦૩૧૮ / ૮૧૫૪૮૮૨૬૦૭ |
| ૨૪ | નવસારી | ૯૨૨૭૮૫૮૯૪૧ / ૯૨૨૭૮૩૯૧૩૨ / ૮૪૯૦૮૧૭૧૩૩ |
| ૨૫ | વલસાડ | ૦૨૬૩૨-૨૪૨૭૭૩ |
| ૨૬ | તાપી | ૦૨૬૨૬-૨૨૪૫૭૭ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૯૨૨૭૮૫૮૫૬૮ / ૯૨૭૪૫૪૦૯૯૫ |
| ૨૮ | મોરબી | ૦૨૮૨૨-૨૯૯૧૨૦ / ૯૨૨૭૮૫૮૩૪૮ |
| ૨૯ | બોટાદ | ૦૨૮૪૯-૨૭૧૩૮૮ |
| ૩૦ | મહીસાગર | ૦૨૬૭૪-૨૫૨૯૯૫ |
| ૩૧ | ગીર સોમનાથ | ૦૨૮૭૬-૨૮૫૨૪૯ |
| ૩૨ | અરવલ્લી | ૯૨૨૭૮૩૪૬૩૭ / ૯૨૨૭૮૫૮૬૬૭ |
| ૩૩ | છોટાઉદેપુર | ૦૨૬૬-૯૨૯૬૨૩૧ |
| ૩૪ | વાવ-થરાદ | ૯૪૨૮૩૪૯૨૬૮/ ૯૯૯૮૪૯૫૫૩૮ |

**શહેરી વિસ્તાર**

| **ક્રમાંક** | **કોર્પોરેશનનું નામ** | **હેલ્પલાઇન** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેરી | ૯૨૨૭૮૦૩૫૦૦ |
| ૨ | ભાવનગર શહેરી | ૦૨૭૮-૨૪૨૮૯૦૦ |
| ૩ | જામનગર શહેરી | ૦૨૮૮-૨૫૫૦૨૩૧ |
| ૪ | રાજકોટ શહેરી | ૦૨૮૧-૨૨૨૧૬૨૮ |
| ૫ | સુરત શહેરી | ૭૬૯૮૭૫૯૦૬૫ |
| ૬ | વડોદરા શહેરી | ૯૨૨૭૮૫૯૦૪૦ |
| ૭ | જુનાગઢ શહેરી | ૦૨૮૫-૨૬૨૨૩૮૦ |
| ૮ | ગાંધીનગર શહેરી | ૯૨૨૭૮૫૮૮૫૦ |
| ૯ | સુરેન્દ્રનગર શહેરી | ૦૨૭૫૨-૨૮૩૭૧૭ |
| ૧૦ | મહેસાણા શહેરી | ૯૧૮૪૦૧૫૮૯૯ |
| ૧૧ | મોરબી શહેરી | ૯૨૨૭૮૩૬૫૨૩ |
| ૧૨ | ગાંધીધામ શહેરી | ૯૮૯૮૮૮૦૦૬૭ |
| ૧૩ | નડિયાદ શહેરી | ૮૩૪૭૮૮૨૦૫૧ |
| ૧૪ | પોરબંદર શહેરી | ૯૭૨૪૯૮૮૮૨૨ |
| ૧૫ | વાપી શહેરી | ૯૭૨૩૦૫૭૪૯૪ |

| | | |
|---|---|---|
| ૧૬ | કરમસદ-આણંદ શહેરી | ૯૨૨૭૮૫૮૪૭૮ |
| ૧૭ | નવસારી શહેરી | ૯૨૨૭૮૩૯૧૩૨ |

અત્રે જણાવેલ વિગતો અને સૂચનાઓ અરજદારની સામાન્ય સમજ તથા માર્ગદર્શન માટે છે, આ અંગેનું આખરી અર્થઘટન આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી પ્રકિયા સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ **ક્રમાંક નં.આઇસીડી/ ૧૦૨૦૧૯/ ૧૬૫૨/ બ (પાર્ટ-૨), તા.૨૫/૧૧/૨૦૧૯** આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો તથા તેના વખતોવખતના સુધારાને આધીન રહેશે.